


## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર


## (ધોરણ 6 પ્રવેશ પરીક્ષા માટે) ગણિત પ્રશ્નબેંક

1. સૌથી વધુ ખૂણા કઈ આકૃતિમાં છે ?

(A) 

(B) 

(C) 

(D) 

2. કયા મૂળાક્ષરમાં ખૂણો રચાતો નથી ?


(A) K

(B) Z


(C) O


(D) A

3. કયો ખૂણો કાટકોણ નથી ?

(A) 

(B) 

(C) 

(D) 

4.  ઘડિયાળ જોઇને ખૂણાનો પ્રકાર કહો.

(A) કાટકોણ

(B) કાટકોણથી નાનો


(C) કાટકોણથી મોટો

(D) એકપણ નહિ

5. એક વિમાન સવારે 9:25 કલાકે અમદાવાદથી નીકળી 11:45 કલાકે મુંબઇ પહોંચે છે તો વિમાન કેટલા સમયમાં મુંબઇ પહોંચ્યું હશે ?

(A) 2 કલાક 30 મિનિટ (B) 2 કલાક 20 મિનિટ

(C) 3 કલાક 40 મિનિટ (D) 2 કલાક 45 મિનિટ

6.  આપેલી આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ છે ?

(A) 5 (B) 4

(C) 6 (D) 7

7. KEY શબ્દમાં કુલ કેટલા ખૂણા છે ?

(A) 7 (B) 8

(C) 9 (D) 10

8. કાટકોણના ખૂણાનો ત્રીજો ભાગ કેટલો થાય ?

(A) 60 (B) 30

(C) 45 (D) 75

9. બપોર પછી 4 કલાક 5 મિનિટને કઇ રીતે લખવામાં આવે છે?

(A) 4 : 05 pm (B) 4:05 am

(C) 4:50 am (D) 4:50 pm

10. તમારા પર્યાવરણના પાઠયપુસ્તકને કેટલા ખૂણા છે ?

(A) 2 (B) 4

(C) 6 (D) 8

11. નીચેનામાંથી કયા સમયે ઘડિયાળના કલાક અને મિનિટ કાંટા વચ્ચે કાટકોણ કરતાં મોટો ખૂણો બનશે ?

(A) 3 : 50 (B) 8 : 40

(C) 3 : 10 (D) 11 : 05

12. એક અંકિત નળાકારમાં સરખા કદની 15 લખોટી નાખી ત્યારે તેમાં રહેલું પાણી 75 મિલિની ઊંચાઇએ પહોંચે છે. તેમાંથી 5 લખોટી કાઢતાં પાણીની સપાટી 65 મિલિ થાય છે તો 15 લખોટીનું કદ કેટલું થાય ?


(A) 30 મિલિ

(A) 30 મિલિ

(C) 75 મિલિ

(C) 75 મિલિ

13.




$\frac{2}{4}$ માં કેટલા $\frac{1}{8}$ છે?

(A) 2

(B) 3

(C) 4

(D) 5

14. 4 કિગ્રા ખાંડની કિંમત 160 રૂપિયા છે તો 4 કિગ્રાના $\frac{1}{4}$ ભાગની ખાંડની કિંમત કેટલા રૂપિયા થાય ?


(A) 35

(B) 45

(C) 40

(D) 15

15.



આપેલ આકૃતિ માટે કયો જવાબ ખોટો છે ?

(A) $\frac{1}{2}$ ભાગ લીટીવાળો, $\frac{1}{2}$ ભાગ લીટી વગરનો

(B) $\frac{2}{4}$ ભાગ લીટીવાળો, $\frac{2}{4}$ ભાગ લીટી વગરનો

(C) $\frac{3}{6}$ ભાગ લીટીવાળો, $\frac{3}{6}$ ભાગ લીટી વગરનો

(D) $\frac{5}{6}$ ભાગ લીટીવાળો, $\frac{4}{6}$ ભાગ લીટી વગરનો

16. રામુ તેના ખેતરમાં બટાટા અને ટામેટાંનું વાવેતર કરે છે. રામુએ કુલ 2000 બટાટાનું વાવેતર કર્યું. તેના 20માં ભાગનું ટામેટાંનું વાવેતર કર્યું તો રામુએ કેટલા ટામેટાંનું વાવેતર કર્યું હશે ?

(A) 150

(B) 100

(C) 200

(D) 250

17. એક વાસણનો $\frac{1}{5}$ ભાગ પાણીથી ભરેલો છે. જો તેને પુરું ભરવા માટે 40 લિટર વધુ પાણી જોઇએ તો વાસણમાં કુલ કેટલા લિટર પાણી સમાય ?

(A) 50 લિટર (B) 40 લિટર

(C) 45 લિટર (D) 60 લિટર

18. એક પીપમાં 50 લિટર પાણી સમાઇ શકે છે. તેનો $\frac{4}{5}$ ભાગ પાણીથી ભરેલો છે. તેમાં બીજું કેટલું પાણી ભરીએ તો પીપ પુરુ ભરાઈ જાય ?

(A) 12 લિટર (B) 10 લિટર

(C) 15 લિટર (D) 20 લિટર

19. $\frac{3}{4} = \frac{9}{\square} = \frac{\square}{20}$ $\square$ માટે યોગ્ય સંખ્યાનો વિકલ્પ પસંદ કરો.

(A) 8, 12 (B) 12, 15

(C) 16, 15 (D) 20, 12

20. ₹ 5 માં 25 પૈસાના કેટલા સિક્કા મળશે ?

(A) 10 (B) 20

(C) 30 (D) 40

21. 3 રૂપિયા એ 24 રૂપિયાનો કેટલામો ભાગ છે ?

(A) ત્રીજો (B) ચોથો

(C) છઠ્ઠો (D) આઠમો

22. એક દિવસના 24 કલાક છે. તો દિવસનો અડધો ભાગ કેટલા કલાકનો થાય ?

(A) 10 (B) 11

(C) 12 (D) 13

23. મહેશ દિવસના 6 કલાક ઊંઘે છે તો તે દિવસનો કેટલામો ભાગ ઊંઘે છે ?

(A) $\frac{1}{2}$ (B) $\frac{1}{3}$

(C) $\frac{1}{4}$ (D) $\frac{1}{5}$

24. 8 અને 10 નો સૌથી નાનો સામાન્ય ગુણક કયો છે ?

(A) 40 (B) 20

(C) 50 (D) 80

25. 20 અને 30નો સૌથી મોટો સામાન્ય અવયવ કયો છે ?

(A) 5 (B) 10

(C) 20 (D) 30

26. 25 અને 35 ના સામાન્ય અવયવ કયા છે ?

(A) 1 તથા 5 (B) 1

(C) 5 (D) 1 તથા 7

27. પહેલી ચાર અવિભાજ્ય સંખ્યાઓનો સરવાળો કેટલો થાય ?

(A) 11 (B) 17

(C) 10 (D) 12

28. કઈ સંખ્યા 4, 6 અને 8 નો અવયવી છે ?

(A) 12 (B) 24

(C) 20 (D) 15

29. નીચેનામાંથી કઇ વિભાજ્ય સંખ્યા છે ?

(A) 43 (B) 61

(C) 39 (D) 29

30. નીચેના પૈકી કઇ સંખ્યા 5 નો અવયવી નથી ?

(A) 90 (B) 80

(C) 10 (D) 12

31. નીચેની સંખ્યાઓમાં અવિભાજ્ય સંખ્યા કેટલી છે ?

2, 3, 4, 7, 8, 10, 12, 13, 14, 15

(A) 4 (B) 5


(C) 6 (D) 8

32. નીચેનામાંથી કઈ સંખ્યા 3, 4, 5 અને 6 વડે વિભાજ્ય છે ?

(A) 90 (B) 80

(C) 60 (D) 36

33. આકૃતિમાં $x$ શું દર્શાવે છે?




(A) 3 (B) 6

(C) 7 (D) 8

34. 3 અને 5 નો સામાન્ય અવયવ કયો છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

35. મોન્ટુ પાસે અમુક લખોટી છે. આ લખોટીઓને મોન્ટુ તેના મિત્રોમાં સરખે ભાગે વહેંચે છે. જો 2 મિત્રો, 3 મિત્રો અને 5 મિત્રોને તે સરખે ભાગે વહેંચી શકે છે તો મોન્ટુ પાસે કેટલી લખોટીઓ હશે ?

(A) 30 (B) 15

(C) 10 (D) 45

36. નીચેનામાંથી કઈ સંખ્યા 10 નો અવયવી નથી ?

(A) 10 (B) 20

(C) 30 (D) 45

37. 12 ના અવયવો માં ખૂટતી સંખ્યા લખો.

1, 2, 3, 4, __________, 12

(A) 8 (B) 5

<u>(C) 6</u> (D) 7

38. 3 અને 4 બંનેથી વિભાજીત સંખ્યા કઈ છે ?

(A) 11 <u>(B) 12</u>

(C) 15 (D) 16

39. એક અંકની મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા કઈ છે ?

(A) 3 (B) 9


(C) 5 <u>(D) 7</u>

40. પાસા પરના અંકોમાં અવિભાજ્ય અંકો કયા કયા છે ?

<u>(A) 2, 3, 5</u> (B) 1, 2, 3, 5

(C) 3, 5 (D) 1, 3, 5


41. નીચેના ત્રણેય વર્તુળોમાં સામાન્ય અવયવ કયો છે ?




(A) 3 (B) 2, 3

<u>(C) 2</u> (D) 2, 3, 5

42. આકૃતિમાં $x$ શું દર્શાવે છે?



(A) 24

(B) 36

(C) 48

(D) 60

43. 3.3 + 3.03 +3.003 =

(A) 3.3303

(B) 33.3003

(C) 41.3333

(D) 9.333

44. 0.25 ને સાદા અપૂર્ણાંકમાં કઇ રીતે લખાય ?

(A) $\frac{1}{4}$

(B) $\frac{25}{50}$

(C) $\frac{25}{75}$

(D) $\frac{1}{2}$

45. $4\frac{1}{2}$ નું દશાંશ સ્વરૂપ કયું છે ?

(A) 4.8

(B) 4.5

(C) 4.2

(D) 4.3

46. જો 9.28 × 0.9 = 8.352 છે તો 92.8 × 0.9 ની કિંમત કેટલી છે ?

(A) 83.52

(B) 835.2

(C) 8352

(D) 0.8352

47. મહેશે ₹ 105.50 ની ચા અને ₹ 110.50 ની ખાંડ ખરીદી. જો તેણે કુલ ₹ 300 આપ્યા હોય તો તેને કેટલા રૂપિયા પરત મળશે ?

(A) 80

(B) 83

(C) 82

(D) 74

48. 200 ગ્રામના $\frac{1}{10}$ ના $\frac{1}{5}$ કેટલા થાય ?

(A) 5 ગ્રામ

(B) 1 ગ્રામ

(C) 3 ગ્રામ

(D) 4 ગ્રામ

49. $132.65 \times 0.01 =$

(A) 1.3265 (B) 13.265

(C) 132.65 (D) 1326.5

50. $0.25 \div (0.5 \times 0.5)$ ની કિંમત કેટલી છે ?

(A) 0.01 (B) 0.1

(C) 1 (D) 10

51. જો 144.144 ને 12 વડે ભાગવાથી ભાગફળ કેટલું મળે ?

(A) 1.2012 (B) 12.2012

(C) 12.2012 (D) 12.012

52. 4 મીટર 5 સેમી એટલે કેટલા મીટર ?

(A) 5.4 મીટર (B) 4.5 મીટર

(C) 4 મીટર (D) 4.05 મીટર

53. $75.50 + 0.75 + 24.50 + 0.25$

(A) 100 (B) 101

(C) 102 (D) 104

54. એક કેળાંની કિંમત ₹ 1.50 છે તો અડધો ડઝન કેળાની કિંમત કેટલી થાય ?

(A) 10 (B) 11

(C) 9 (D) 12

55. એક રબરની કિંમત ₹ 0.50 હોય અને એક પેન્સિલની કિંમત ₹ 1.5 હોય તો 2 રબર અને 2 પેન્સિલની કુલ કિંમત કેટલી થાય ?

(A) ₹ 3 (B) ₹ 4

(C) ₹ 5 (D) ₹ 6

56. એક પેનની કિંમત ₹ 2.5 હોય તો 15 રૂપિયામાં કેટલી પેન ખરીદી શકાય ?

(A) 5
(B) 6
(C) 10
(D) 15

57. લાંબી કૂદની રમતમાં રીયા 2.75 મીટરનો કૂદકો મારે છે અને સીમા 4.5 મીટરનો કૂદકો મારે છે. તો સીમાએ કેટલા મીટર કૂદકો લગાવ્યો ?

(A) 3.75
(B) 0.75
(C) 2.75
(D) 1.75

58. 8 મિમિ બરાબર કેટલા સેમી ?

(A) 8 સેમી
(B) 0.8 સેમી
(C) 0.08 સેમી
(D) 0.008 સેમી

59. 2 પૈસા એ 1 રૂપિયાનો કેટલામો ભાગ છે ?

(A) 5
(B) 50
(C) 500
(D) 2

60. મીના 50 પૈસાને રૂપિયામાં ફેરવે છે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?

(A) ₹ 5
(B) ₹ 0.5
(C) ₹ 0.05
(D) ₹ 0.005

❖ નીચેના કોષ્ટકમાં કેટલા શહેરો તથા તેમના તાપમાન દર્શાવેલ છે. તેના પરથી પ્રશ્ન નં. 61 થી 64ના જવાબ આપો.

| શહેર | તાપમાન |
|---|---|
| અમદાવાદ | 28.2°c |
| ભોપાલ | 32.8°c |
| મુંબઇ | 30.5°c |
| કલકત્તા | 27.8°c |
| જયપુર | 37.9°c |
| શ્રીનગર | 22.5°c |

61. ભોપાલ અને કલકત્તાના તાપમાનનો તફાવત કેટલો છે ?

(A) 5°C (B) 4°c

(C) 6°c (D) 7°c

62. જયપુરનું તાપમાન 40°c પહોંચે તો તાપમાનમાં કેટલા ડિગ્રીનો વધારો થયો હશે ?

(A) 2.5°c (B) 2.4°c

(C) 2.1°C (D) 2.3°c

63. સૌથી વધુ તાપમાન કયા શહેરનું છે ?

(A) અમદાવાદ (B) જયપુર

(C) મુંબઇ (D) ભોપાલ

64. અમદાવાદ અને ભોપાલનું કુલ તાપમાન કેટલા ડિગ્રી છે ?

(A) 61°C (B) 62.9°c


(C) 60°c (D) 61.8°c

65. નીચેનામાંથી કયું સાચું નથી ?

(A) 130 સેમી = 1.3 મીટર (B) 500 પૈસા = 0.5 રૂપિયા

(C) 5435 ગ્રામ = 5.435 કિગ્રા (D) 5 મિમી = 50 સેમી

66. ચોરસમાં રંગ વગરનો ભાગ કેટલો છે ?



(A) $\frac{3}{7}$ (B) $\frac{22}{56}$

(C) $\frac{4}{5}$ (D) $\frac{5}{7}$

67. ચિરાગ દરરોજ 8 ગ્લાસ પાણી પીવે છે તો માર્ચ માસમાં તેણે કેટલા ગ્લાસ પાણી પીધું હશે ?

(A) 240 (B) 248

(C) 224 (D) એક પણ નહિ

68. મહેશનું હૃદય 1 મિનિટમાં 70 વખત ધબકે છે તો 1 કલાકમાં તેનું હૃદય કેટલી વખત ધબકતું હશે ?

(A) 70 (B) 4200


(C) 4000 (D) 420

69. એક બકરીનું બચ્ચું 1 વર્ષમાં 720 લિટર દૂધ પીવે છે તો 8 મહિનામાં તે કેટલા લિટર દૂધ પીશે ?

(A) 480 (B) 500

(C) 360 (D) 270

70.




આપેલ લંબચોરસ બગીચાની ફરતે 1 મીટર ના ₹ 10 લેખે વાડ કરવાનો ખર્ચ કેટલો થાય?

(A) 150 (B) 50


(C) 100 (D) 200

71. એક કોન્ટ્રાક્ટર એક દિવસનું ₹ 260 મહેનતાણું આપે છે. જો કોઈ વ્યક્તિ $2\frac{1}{2}$ દિવસ કામ કરે તો તેને કેટલું મહેનતાણું મળશે ?

(A) 660 (B) 650

(C) 520 (D) 600

72. એક ગાય ખરીદવા માટે શરાફી મંડળીએ કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ?




(A) ₹ 10000     <u>(B) ₹ 5000</u>

(C) ₹ 2500     (D) ₹ 500

73. રૂપા 2020 ની સાલના ફેબ્રુઆરી માસમાં દરરોજના 5 લિટર પ્રમાણે દૂધ ખરીદે છે તો તેણે ફેબ્રુઆરી માસમાં કુલ કેટલું દૂધ ખરીદયુ હશે ?

<u>(A) 140</u>     (B) 150

(C) 145     (D) 155

74. એક છાત્રાલયમાં રોજના 10 લિટર દૂધ વપરાય છે. તો જાન્યુઆરી 2020 થી મે 2020 સુધી કેટલું દૂધ વપરાયું હશે ?

(A) 1500     (B) 1520

(C) 1420     <u>(D) 1510</u>

75. એક શાળામાંથી 330 વિદ્યાર્થી પ્રવાસે જાય છે. જો પ્રત્યેક બસમાં 40 વિદ્યાર્થીઓ સમાતા હોય તો કેટલા વિદ્યાર્થીઓ બાકી રહે ?

(A) 8     (B) 9

(C) 12     <u>(D) 10</u>

76. વસંત એક બેટરી ખરીદે છે. તેના પર 'આયુષ્ય 4800 કલાક' લખેલું છે. જો તે રાત-દિવસ બેટરીનો ઉપયોગ કરે તો બેટરી કેટલા દિવસ ચાલુ રહેશે ?

(A) 100 દિવસ     <u>(B) 200 દિવસ</u>

(C) 300 દિવસ     (D) 400 દિવસ

77. ઘનફળ શોધવા કયા પરિમાણ ધ્યાનમાં લેવામાં આવે છે ?

(A) લંબાઇ તથા પહોળાઈ　　(B) પહોળાઇ તથા ઊંચાઇ

(C) લંબાઈ તથા ઊંચાઈ　　(D) લંબાઈ, પહોળાઇ, ઊંચાઈ

78. 25 સેમી બાજુની લંબાઇ ધરાવતા સમઘનમાંથી 5 સેમી બાજુવાળા કેટલા સમઘન બનાવી શકાય ?

(A) 225　　(B) 150

(C) 125　　(D) 100

79. 15 મી × 10 મીના તળિયા પર 5 મી × 3 મી ની કેટલી ટાઇલ્સ લગાવી શકાય ?

(A) 10　　(B) 12

(C) 11　　(D) 13

80. 10 સેમી બાજુવાળા 4 સમઘનને પાસ-પાસે ગોઠવતાં બનતા લંબઘનનું ઘનફળ કેટલું થાય ?

(A) 200 ઘન સેમી　　(B) 1000 ઘન સેમી

(C) 3000 ઘન સેમી　　(D) 4000 ઘન સેમી

81. જો કોઇ ઘનની બાજુનું માપ સેમીમાં હોય તો તેના ઘનફળનો એકમ કયો થાય ?

(A) ઘન સેમી　　(B) સેમી

(C) મીટર　　(D) કિલોમીટર

82. એક પાત્રમાં એક લખોટી નાખતાં 5 મિલિ અને 9 સિક્કા નાખતાં 9 મિલિ પાણી ઉપર ચઢે છે તો પાત્રમાં 5 લખોટીઓ અને 5 સિક્કા નાખતાં કેટલા મિલિ પાણી ઉપર ચઢે ?

(A) 30 મિલિ　　(B) 70 મિલિ

(C) 50 મિલિ　　(D) 60 મિલિ

83. એક ટાંકીમાં 200 લિટર પાણી ભરેલું છે. જો તેમાંથી 10 લિટરના કેટલા ટીન ભરી શકાય?

(A) 40　　(B) 30

(C) 10　　(D) 20

84. પાંચ રૂપિયાના એક સિક્કાનું વજન 9 ગ્રામ છે. તો 9 કિલોગ્રામ વજનમાં કેટલા સિક્કા હશે ?

(A) 2000 <u>(B) 1000</u>

(C) 3000 (D) 150

85. 3250 ગ્રામ = _______ કિલો અને _________ ગ્રામ

(A) 32 કિલો 50 ગ્રામ (B) 325 કિલો 5 ગ્રામ

<u>(C) 3 કિલો 250 ગ્રામ</u> (D) 3250 કિલો

86. 20 સેમી × 10 સેમી × 6 સેમી માપની લંબઘન પેટીમાં 1 સેમી લંબાઈના કેટલા સમઘન ગોઠવી શકાય ?

<u>(A) 1200</u> (B) 1300

(C) 1400 (D) 1500

87. કેરીના એક બોક્સમાં 18 નંગ કેરી હોય તો આવા 25 બોક્સમાં કુલ કેટલી કેરી હોય ?

(A) 250 <u>(B) 450</u>

(C) 350 (D) 418

88. એક આંબાવાડીમાં 300 આંબા હોય તો, આવી 12 આંબાવાડીમાં કુલ કેટલા આંબા હોય ?

(A) 1200 (B) 1500

<u>(C) 3600</u> (D) 2000

89. કેરીના એક બોક્સનું વજન 12 કિલોગ્રામ હોય તો આવા 12 બોક્સનું વજન કેટલું થાય ?

<u>(A) 144 કિગ્રા</u> (B) 24 કિગ્રા

(C) 12 કિગ્રા (D) 120 કિગ્રા

90. કેરીના એક બોક્સમાં 20 કેરી સમાય છે. જો કેરીના એક ઢગલામાં 6000 કેરીઓ હોય તો આ કેરીઓ ભરવા કેટલા બોક્સની જરૂર પડે ?

(A) 600 બોક્સ (B) 500 બોક્સ

(C) 200 બોક્સ <u>(D) 300 બોક્સ</u>

91. જો આપણા ઘરે દર અઠવાડિયે 8 કિગ્રા કેરી ખવાતી હોય તો 56 દિવસમાં કેટલી કેરી ખવાય ?

<u>(A) 64 કિગ્રા</u> (B) 16 કિગ્રા

(C) 32 કિગ્રા
(D) 10 કિગ્રા

92. જો 1 ટન = 1000 કિગ્રા તો 12 ટન =

(A) 1200 કિગ્રા
(B) 12000 કિગ્રા
(C) 12 કિગ્રા
(D) 10 કિગ્રા

93. જો ₹ 100 ની સો નોટ હોય તો કુલ કેટલા રૂપિયા થાય ?

(A) ₹ 100
(B) ₹ 1000
(C) ₹ 10000
(D) ₹ 100000

94. એક હજાર વખત સો રૂપિયા લેતાં કેટલા રૂયિયા થાય ?

(A) ₹ 100000
(B) ₹ 10000
(C) ₹ 1000
(D) ₹ 100

95. એક બળદગાડું એક કલાકમાં 3 કિમી અંતર કાપે છે તો 12 કિમી અંતર કાપવા માટે બળદગાડાને કેટલો સમય લાગશે ?

(A) 36 કલાક
(B) 3 કલાક
(C) 4 કલાક
(D) 9 કલાક

96. એક ટ્રેકટર એક કલાકમાં 20 કિમી અંતર કાપે છે તો 90 કિમી અંતર કાપવા કેટલો સમય લાગશે ?

(A) 270 મિનિટ
(B) 240 મિનિટ
(C) 60 મિનિટ
(D) 90 મિનિટ

97. એક ટ્રક એક ફેરામાં 8000 કિગ્રા કેરીનું વહન કરતો હોય તો 40000 કિગ્રા કેરીના વહન માટે કેટલા ફેરા કરવા પડે ?

(A) 4 ફેરા
(B) 6 ફેરા
(C) 5 ફેરા
(D) 7 ફેરા

98. કેટલા સો એટલે એક કરોડ થાય ?

(A) એક હજાર
(B) એક સો

(C) એક લાખ　　(D) સો

99. 55 માણસો બેસી શકે તેવી 10 બસમાં કુલ કેટલા માણસો બેસી શકે ?

(A) 550　　(B) 540

(C) 560　　(D) 570

100. વિભાબેન પાસે કુલ 5 રીક્ષા છે. એક દિવસના ₹ 500 લેખે 5 દિવસનું વિભાબેનને કુલ કેટલું ભાડું મળે ?

(A) ₹ 12500　　(B) ₹ 10000

(C) ₹ 2500　　(D) ₹ 5000

101. એક મોટરકારની સરેરાશ ઝડપ 60 કિમી/કલાક છે. તો 150 કિમી અંતર કાપવા માટે કેટલો સમય લાગશે ?

(A) 1.5 કલાક　　(B) 2.5 કલાક

(C) 3.5 કલાક　　(D) 4.5 કલાક

102. સાત કરોડ એટલે સાત હજારની પાછળ કેટલા શૂન્ય લખવા પડે ?

(A) સાત　　(B) છ

(C) પાંચ　　(D) ચાર

103. તોતાપુરી  કેરીનો એક કિગ્રાનો ભાવ ₹40 હોય તો ₹ 280ની કેટલા કિલોગ્રામ કેરી આવે ?

(A) 6 કિગ્રા　　(B) 7 કિગ્રા

(C) 5 કિગ્રા　　(D) 4 કિગ્રા

104. કેસર કેરીનો એક કિગ્રાનો ભાવ ₹ 150 હોય તો 8 કિગ્રા કેરી ખરીદવા માટે કેટલા રૂપિયા જોઇએ ?

(A) 800 રૂ.　　(B) 1500 રૂ.

(C) 1200 રૂ.　　(D) 750 રૂ.

105. મફતભાઇને એક કિલો હાફૂસ કેરી વેચતાં ₹ 20 નો ફાયદો થાય છે. એક કિલોગ્રામના ₹ 60 લેખે ₹ 360 ની કેરી વેચતાં કેટલા રૂપિયા ફાયદો થાય ?

(A) ₹ 60　　(B) ₹ 100

(C) ₹ 360　　(D) ₹ 120

106. રવિ પાસે ₹ 500 છે. તે ચોથા ભાગના રૂપિયાની હાફૂસ કેરી ખરીદે છે તો તે કેટલા રૂપિયાની હાફૂસ કેરી ખરીદશે ?

(A) ₹ 100 (B) ₹ 125

(C) ₹ 150 (D) ₹ 250

107. મુસ્કાન પાસે ₹ 600 છે. તે ત્રીજા ભાગના રૂપિયાની લંગડો કેરી અને બાકીના રૂપિયાની કેસર કેરી ખરીદે છે. જો કેસર કેરીનો એક કિગ્રાનો ભાવ ₹ 40 હોય તો કેટલા કિગ્રા કેસર કેરી ખરીદશે ?

(A) 8 કિગ્રા (B) 15 કિગ્રા

(C) 10 કિગ્રા (D) 20 કિગ્રા

108. એક તરબૂચની કિંમત ₹ 80 છે. જો એક રીક્ષામાં 200 તરબૂચ હોય તો તમામ તરબૂચની કિંમત કેટલી થાય ?

(A) ₹ 80000 (B) ₹ 2000

(C) ₹ 1600 (D) ₹ 16000

109. હકીમભાઇએ કલમી આંબાના નવા છોડ ખરીદવા માટે ₹ 25000 ની લોન લીધી. તેમણે એક વર્ષમાં ₹ 26400 પાછા ચૂકવ્યા. તો દર મહિને કેટલા રૂપિયા ચુકવ્યા હશે ?

(A) ₹ 2200 (B) ₹ 2300

(C) ₹ 2500 (D) ₹ 2000

110. જ્યારે કેરીમાંથી રસ કાઢવામાં આવે ત્યારે રસનું વજન લગભગ કેરીના વજનના 1/3 જેટલું થાય છે. જો 9000 કિગ્રા કેરીમાંથી રસ કાઢવામાં આવે ત્યારે કેટલો કેરીનો રસ તૈયાર થાય ?

(A) 1000 કિગ્રા (B) 2000 કિગ્રા

(C) 6000 કિગ્રા (D) 3000 કિગ્રા

111. કોઈપણ આકારની હદની લંબાઇને શું કહે છે ?

(A) પરિમિતિ (B) ક્ષેત્રફળ

(C) લંબાઈ (D) પહોળાઇ

112. ચોરસની એક બાજુનું માપ 2 સેમી છે તો તેની પરિમિતિ કેટલી થાય ?

(A) 6 સેમી

(B) 2 સેમી

<u>(C) 8 સેમી</u>

(D) 4 સેમી

113. 6 સેમી બાજુવાળા ચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?

<u>(A) 36 ચો સેમી</u>

(B) 24 ચો સેમી

(C) 36 સેમી

(D) 24 સેમી

114. 3 સેમી બાજુવાળા બે ચોરસને બાજુએથી જોડતાં બનતી આકૃતિની પરિમિતિ કેટલી થાય ?

(A) 9 સેમી

<u>(B) 18 સેમી</u>

(C) 12 સેમી

(D) 24 સેમી

115. 4 સેમી બાજુવાળા બે ચોરસને ખૂણેથી જોડતાં તેની પરિમિતિ કેટલી થાય ?

(A) 16 સેમી

(B) 24 સેમી

(C) 36 સેમી

<u>(D) 32 સેમી</u>

116. 50 ચો સેમી ક્ષેત્રફળ ધરાવતા લંબચોરસ કાગળના બે સરખા ભાગ કરતાં તે ભાગનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 50 ચો સેમી

<u>(B) 25 ચો સેમી</u>

(C) 10 ચો સેમી

(D) 12 ચો સેમી

117. નીચેનામાંથી કોના પગલાંનું ક્ષેત્રફળ વધારે થશે ?

(A) ચકલી

(B) મરઘી

<u>(C) હાથી</u>

(D) કૂતરો

118. એક ત્રિકોણનું ક્ષેત્રફળ 10 ચો સેમી છે. જે લંબચોરસના ક્ષેત્રફળથી અડધુ છે તો લંબચોરસનું ક્ષેત્રફળ ___________ ચો સેમી થાય.

(A) 10

<u>(B) 20</u>

(C) 100

(D) 220

119. 6 સેમી લંબાઈ અને 4 સેમી પહોળાઈ ધરાવતા કાગળની પરિમિતિ કેટલી થાય ?

<u>(A) 20 સેમી</u> (B) 10 સેમી

(C) 24 સેમી (D) 16 સેમી

120. 100 ચો સેમી ક્ષેત્રફળ ધરાવતા કાગળની પહોળાઇ 5 સેમી છે તો તેની લંબાઈ કેટલી થાય ?

(A) 95 સેમી <u>(B) 20 સેમી</u>

(C) 45 સેમી (D) 90 સેમી

121. 320 સેમી પરિમિતિ ધરાવતા ચોરસની બાજુનું માપ કેટલું થાય ?

<u>(A) 80 સેમી</u> (B) 160 સેમી

(C) 32 સેમી (D) 100 સેમી

122. એક ચોરસ અને લંબચોરસની પરિમિતિ સમાન હોય તો બંનેમાંથી કોનું ક્ષેત્રફળ વધારે થાય ?

<u>(A) ચોરસ</u> (B) લંબચોરસ

(C) બંનેનું સરખું થાય (D) કહી શકાય નહિ

123. 200 મીટરની પરિમિતિ ધરાવતાં બગીચા ફરતે પાંચ આંટા મારવાથી કેટલું અંતર થાય ?

(A) 400 મીટર (B) 200 મીટર

<u>(C) 1000 મીટર</u> (D) 800 મીટર

124. 16 ચો મી ક્ષેત્રફળ ધરાવતા ચોરસની બાજુનું માપ કેટલું થાય ?

<u>(A) 4 મીટર</u> (B) 8 મીટર


(C) 16 મીટર (D) 10 મીટર


125. 10 મી × 6 મી. નું માપ ધરાવતા લંબચોરસમાંથી ચોરસ બનાવવામાં આવે તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?


(A) 60 ચો મી (B) 16 ચો મી


<u>(C) 64 ચો મી</u> (D) 32 ચો મી

126. નીચેનામાંથી કયા આકારના બે સમાન ભાગ નહીં થાય ?


(A) 


(B) 


(C) 


(D) 

127. નીચેનામાંથી કયા ભાગને અડધો આંટો ફેરવતાં તેના જેવો જ દેખાશે ?

(A) 

(B) 

(C) 

(D) 

128. નીચેનામાંથી કયો અંક અડધો આંટો ફેરવવાથી તેના જેવો જ દેખાશે ?

(A) 5 (B) 6

(C) 9 (D) 0

129. નીચેનામાંથી કયાં મૂળાક્ષરને અડધો આંટો ફેરવતાં તેના જેવો દેખાતો નથી ?

(A) M (B) N

(C) Z (D) H


130. નીચે દર્શાવેલ કયા શબ્દને અડધો આંટો ફેરવતાં શબ્દ એના એ જ વંચાય ?


(A) MOON (B) NOON


(C) ZOOM (D) ROOM

131. નીચેનામાંથી કયા ભાગને $\frac{1}{4}$ ફેરવવાથી પહેલા જેવો જ દેખાશે ?

(A) 

(B) 

(C) 

(D) 

132. નીચેનામાંથી કયો ત્રિકોણ $\frac{1}{3}$ ફેરવવાથી તે જ રહે છે ?


(A) કાટકોણ ત્રિકોણ


(B) સમબાજુ ત્રિકોણ


(C) વિષમબાજુ ત્રિકોણ


(D) સમદ્વિબાજુ ત્રિકોણ

133. કયા આકારને $\frac{1}{6}$ જેટલું ફેરવવાથી તેના જેવો જ દેખાશે ?

(A) 

(B) 

(C) 

(D) 


134. નીચેનામાંથી કયા અંગ્રેજી મૂળાક્ષરને $\frac{1}{2}$ કે $\frac{1}{4}$ ભાગ ફેરવવાથી તે જ મળશે ?


(A) O


(B) H


(C) I


(D) Z

135.  ને $\frac{1}{2}$ ભાગ ફેરવવાથી નીચેનામાંથી કયો આકાર મળે છે ?


(A) 


(B) 


(C) 


(D) 

136. F ને $\frac{1}{4}$ ભાગમાં ફેરવવાથી નીચેનામાંથી કયો આકાર મેળવી શકાય છે ?

(A) 

(B) 

(C) 

(D) 

137. એક સમઘનની બાજુનું માપ 5 મીટર છે તો સમઘનનું ઘનફળ કેટલું થશે ?

(A) 25 ચો. મીટર

(A) 25 ઘન મીટર

(C) 125 ચો મીટર

(C) 125 ઘન મીટર

138. 18, 27, 36, ________ પેટર્ન પૂર્ણ કરો.

(A) 45

(B) 44

(C) 46

(D) 48

139. પેટર્ન પૂર્ણ કરો.

13, 25, 37, 49,

(A) 63

(B) 62

(C) 61

(D) 60

140. 123456, 12345, 2345, 234,

(A) 34

(B) 23

(C) 45

(D) 24

141. 4, 9, 16, 25,

(A) 34

(B) 35

(C) 36

(D) 37

142. નીચેનામાંથી કઈ બે સંખ્યાઓનો સરવાળો 108 નહીં થાય ?

(A) 43, 65

(B) 54, 54

(C) 40, 68

(D) 75, 28

143. નીચેનામાંથી કઇ બે સંખ્યાઓનો સરવાળો 144 થશે ?


(A) 99, 45


(B) 100, 45


(C) 90, 64


(D) 80, 44


144. પેટર્ન પૂર્ણ કરો.

 ____________


(A) 


(B) 


(C) 


(D) 

145. નીચેનામાંથી દ્વિ-પરિમાણીય આકૃતિ કઈ છે ?


(A) 

(B) 

(C) 


(D) 


146. નીચેનામાંથી ત્રિપરિમાણીય આકૃતિ કઈ છે ?

(A) 


(B) 


(C) 


(D) 


147. 


સમઘન આકારને ખોલતાં નીચેનામાંથી કઈ આકૃતિ મળતી નથી ?


(A) 


(B) 


(C) 


(D) 


148.  આપેલી આકૃતિને ખોલતાં નીચેનામાંથી કયો આકાર મેળવી શકાય છે ?


(A) 


(B) 


(C) 


(D) 


149.  આપેલી આકૃતિને ઉપરથી જોતાં કયો આકાર જોવા મળે ?


(A) 


(B) 


(C) 


(D) 

150.  આપેલા આકારને સામેથી જોતાં કયો આકાર જોવા મળશે ?

(A) 

(B) 

(C) 

(D) 

151. 400 સેમી પરિમિતિ ધરાવતા ચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 400 ચો સેમી

(B) 1600 ચો સેમી

(C) 16000 ચો સેમી

(D) 10000 ચો સેમી

152. 160 સેમી લબાઈના તારને વાળીને ચોરસ બનાવવામાં આવે તો તે ચોરસની બાજુનું માપ કેટલું થાય ?

(A) 40 સેમી
(B) 16 સેમી
(C) 80 સેમી
(D) 60 સેમી

153. એક ઢગલામાં 125 કિગ્રા કેરીઓ છે. જો એક પેટીમાં 9 કિગ્રા કેરીઓ સમાય છે તો કેટલી કેરીની પેટીઓ ભરાય અને કેટલા કિગ્રા કેરી બાકી રહે ?

(A) 8 પેટી, 13 કિગ્રા
(B) 13 પેટી, 8 કિગ્રા
(C) 12 પેટી, 8 કિગ્રા
(D) 14 પેટી, 8 કિગ્રા

154. એક વેપારી રોજના 55 કિગ્રા સફરજનનું વેચાણ કરે છે. જો સફરજનનો ભાવ પ્રતિ કિલો ₹ 180 હોય તો એક પખવાડિયામાં કેટલા રૂપિયાના સફરજન વહેચશે ?

(A) 148500
(B) 184500
(C) 9900
(D) 69300

155. રમેશભાઇ પાસે ₹ 300 છે. તે સુરેશભાઇ પાસેથી ₹ 80 ના ભાવની કેરી ખરીદે છે અને ₹ 20 પાછા મેળવે છે તો તેણે કેટલા કિગ્રા કેરી ખરીદી હશે ?

(A) 2 કિલો 500 ગ્રામ
(B) 4 કિલો 500 ગ્રામ
(C) 3 કિલો 500 ગ્રામ
(D) 5 કિલો, 500 ગ્રામ

156. એક પેટીમાં 100 ચીકુ છે. જો તેને એક વર્ગના 24 વિદ્યાર્થીમાં સરખે ભાગે વહેંચવામાં આવે તો પેટીમાં કેટલા ચીકુ બાકી રહેશે ?

(A) 6
(B) 8
(C) 2
(D) 4

157. એક ટ્રેકટર કલાકના 30 કિમી અંતર કાપે છે. તે સવારે 9:00 વાગે કેરીઓની પેટી ભરીને નીકળે છે તો 12:00 વાગ્યા સુધીમાં કેટલા કિમી અંતર કાપશે ?

(A) 30
(B) 60
(C) 80
(D) 90

158. ઘડિયાળમાં 6:15 કલાકે મિનિટ અને કલાક કાંટા વચ્ચેના ખૂણા માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?

(A) કાટખૂણો (B) કાટખૂણાથી નાનો

(C) કાટખૂણાથી મોટો (D) આપેલા તમામ

159. 37હ્ર ના માપના ખૂણામાં ઓછામાં ઓછા કેટલા ઉમેરીએ તો ખૂણાનું માપ કાટખૂણાથી વધુ થાય ?

(A) 54 (B) 53

(C) 52 (D) 63

160. બે કાટખૂણાનો $\frac{1}{2}$ ભાગ કેટલો થાય ?

(A) કાટખૂણાથી નાનો (B) કાટખૂણો


(C) કાટખૂણાથી મોટો (D) એકપણ નહિ

161. નીચેનામાંથી કયો અંગ્રેજી મૂળાક્ષર ફક્ત 90° થી નાના ખૂણા ધરાવે છે.

(A) I (B) E

(C) N (D) L

162. ચિત્ર પર એવી કેટલી રેખાઓ દોરી શકાય કે જેના પર દપર્ણ રાખતાં ચિત્ર આખું દેખાય ?



(A) 1 (B) 2



(C) 3 (D) 4


163. નીચેનામાંથી કયા અંગ્રેજી શબ્દને અડધો ફેરવતાં એના એ જ શબ્દ વંચાય ?


(A) MAM (B) POP

(C) MOM (D) SWIMS

164. નીચેનામાંથી કઈ આકૃતિને અડધી ફેરવતાં સરખી જ દેખાશે ?

(A)  (B) 

(C) 

(D) 

165. ઘડિયાળમાં 3:00 વાગ્યા છે. જો કલાક કાંટો અડધો આંટો ફરે તો ઘડિયાળમાં કેટલો સમય થયો હશે ?

(A) 3:00

(B) 6:00

(C) 9:00

(D) 3:30

166. આપેલ આકૃતિને કેટલામાં ભાગમાં ફેરવવાથી મૂળ આકૃતિ જેવી જ દેખાશે ?

(A) $\frac{1}{2}$

(B) $\frac{3}{4}$

(C) $\frac{1}{4}$

(D) આપેલા તમામ


167. નીચેનામાંથી કઈ વસ્તુને ઉપરથી જોતાં એક વર્તુળ જેવો આકાર દેખાશે ?


(A) થાળી


(B) પાણીનો જગ


(C) ખુરશી


(D) કુકર

168.  આકૃતિને $\frac{1}{8}$ ફેરવવાથી કેવી દેખાશે ?

(A) 

(B) 

(C) 

(D) 

169. જયેશભાઇના ઘરમાં દરરોજ 2 કિગ્રા કેરીનો વપરાશ થાય છે તો જયેશભાઇના ઘરે મે માસમાં કુલ કેટલા કિગ્રા કેરીનો વપરાશ થયો હશે ?

(A) 60

(B) 62

(C) 58

(D) 56

170. 25 ખેડૂતોએ બચત બેંક શરૂ કરી. દરેક ખેડૂત તેમાં દર મહિને રૂ. 1000 જમા કરાવે છે તો એક વર્ષના અંતે બેંકમાં કુલ કેટલી રકમ જમા થઈ હશે ?

(A) 100000 (B) 250000

<u>(C) 300000</u> (D) 120000

171. ઘડિયાળમાં 6:00 કલાકે બે કાંટા વચ્ચે કેટલા કાટખૂણા બને ?

(A) 0 (B) 1

<u>(C) 2</u> (D) 3

172. સાયકલ પર એક કલાકમાં 6 કિમી જેટલું અંતર કપાય છે તો 150 મિનિટમાં કેટલું અંતર કપાય ?

(A) 6 કિમી (B) 9 કિમી

(C) 12 કિમી <u>(D) 15 કિમી</u>

173. બસો વખત એક લાખ =

<u>(A) 2 કરોડ</u> (B) 20 લાખ


(C) 200 હજાર (D) 2 લાખ

174. એક શાકભાજીનો વેપારી ₹ 25 ના 1 કિગ્રા બટાટા વેચે છે. જો વેપારી ₹ 900 નો વેપાર કરે તો તેણે કેટલા કિગ્રા બટાટા વેચ્યાહશે ?

(A) 18 (B) 90

<u>(C) 36</u> (D) 32

175.



આપેલ આકૃતિમાં કેટલા ચોરસ છે ?

(A) 20 (B) 17

(C) 13 <u>(D) 22</u>

176. 6 × ________ = કાટખૂણાનું માપ

(A) 30 (B) 15

(C) 20 (D) 45

177. કાટખૂણાનો કેટલામો ભાગ 60° થાય ?


(A) $\frac{1}{2}$ (B) $\frac{2}{3}$

(C) $\frac{3}{4}$ (D) $\frac{1}{5}$

178. 8 ટન = ____________ કિગ્રા

(A) $\frac{1000}{8}$ (B) 1000 + 8


(C) 250 × 2 × 8 (D) 1000 × 8

179. 


આકૃતિમાં રેખાંકિત પ્રદેશની પરિમિતિ કેટલી થાય ?

(A) 4 સેમી (B) 12 સેમી

(C) 16 સેમી (D) 20 સેમી

180. 

આકૃતિમાં રેખાંકિત ભાગનું ક્ષેત્રફળ 4 ચો સેમી છે તો આપેલ આકૃતિનું કુલ ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 36 ચો સેમી (B) 16 ચો સેમી


(C) 9 ચો સેમી (D) 8 ચો સેમી

181. 25 ચો મીટર ક્ષેત્રફળવાળા ચોરસની બાજુનું માપ કેટલું થાય ?

(A) 10 મીટર (B) 5 મીટર

(C) 4 મીટર (D) 15 મીટર

182. નીચે દર્શાવેલ આકારની પરિમિતિ 15 સેમી છે. તો × =




(A) 6 (B) 5


(C) 7 (D) 4

183. 16 ચો સેમી ક્ષેત્રફળ ધરાવતા ચોરસની પરિમિતિ કેટલા સેમી થાય ?


(A) 4 (B) 8


(C) 12 (D) 16

184. નીચેની કઈ આકૃતિમાં રેખાંકિત ભાગ પા ભાગ દર્શાવે છે ?


(A) 


(B) 


(C) 


(D) 

185. નીચેની કઈ આકૃતિમાં રેખાંકિત ભાગ પોણો ભાગ દર્શાવે છે ?

(A) 

(B) 

(C) 

(D) 

186. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) 1 કલાકના અડધા 30 મિનિટ થાય

(B) 1 મીટરના અડધા 50 સેમી થાય

(C) 1 લિટરના અડધા 500 મિલિલિટર થાય

(D) 1 કિલોગ્રામના અડધા 500 કિગ્રા થાય

187. 36 ટોપી લીલા રંગની છે. તે પૈકી પોણા ભાગની ટોપી ઉપર લાલ રંગની કલગી છે. જ્યારે બાકીની ટોપી ઉપર પીળા રંગની કલગી છે તો કેટલી ટોપી લાલ રંગની કલગવાળી અને કેટલી ટોપી પીળા રંગની કલગીવાળી હશે?


(A) 18 લાલ રંગની કલગીવાળી અને 18 પીળા રંગની કલગી વાળી

(B) 27 લાલ રંગની કલગીવાળી અને 9 પીળા રંગની કલગી વાળી

(C) 9 લાલ રંગની કલગીવાળી અને 27 પીળા રંગની કલગી વાળી

(D) 24 લાલ રંગની કલગીવાળી અને 12 પીળા રંગની કલગી વાળી

188.



ઉપરની આકૃતિના સંદર્ભે કયું વિધાન સાચું છે ?

(A) $\frac{1}{4}$ આચ્છાદિત અને $\frac{1}{4}$ સફેદખાનાં

(B) $\frac{3}{4}$ આચ્છાદિત અને $\frac{1}{4}$ સફેદખાનાં

(C) $\frac{1}{2}$ આચ્છાદિત અને $\frac{1}{4}$ સફેદખાનાં

(D) $\frac{1}{2}$ આચ્છાદિત અને $\frac{1}{2}$ સફેદખાનાં

189. પર્વ 30 રૂપિયાના અડધા રૂપિયા ધૃતિને આપે છે. જ્યારે કથન 75 રૂપિયાનો પાંચમો ભાગ નિધિને આપે છે તો ...

(A) ધૃતિ પાસે 15 રૂપિયા અને નિધિ પાસે 50 રૂપિયા હશે.

(B) ધૃતિ પાસે 30 રૂપિયા અને નિધિ પાસે 15 રૂપિયા હશે.

(C) ધૃતિ પાસે 15 રૂપિયા અને નિધિ પાસે 15 રૂપિયા હશે.

(D) ધૃતિ પાસે 30 રૂપિયા અને નિધિ પાસે 75 રૂપિયા હશે.

190. $\frac{1}{2}$ કિલોગ્રામ ટામેટાનો ભાવ 10 રૂપિયા છે તો $3\frac{1}{2}$ કિલોગ્રામ ટામેટાં ખરીદવા કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

(A) 30 રૂપિયા

(B) 60 રૂપિયા

(C) 90 રૂપિયા

(D) 70 રૂપિયા

191. 1000 મિલિલિટર દૂધ ખરીદવા 60 રૂપિયા આપવા પડે છે તો અઢી લિટર દૂધ ખરીદવા કેટલા રૂપિયા આપવા પડે ?

(A) 120 રૂપિ

(B) 150 રૂપિયા

(C) 90 રૂપિયા

(D) 70 રૂપિયા

192. $\frac{1}{4} = \frac{25}{100} =$ ______


(A) $\frac{2}{8}$ (B) $\frac{250}{100}$

(C) $\frac{3}{6}$ (D) $\frac{9}{16}$

193. નીચેનામાંથી કઈ જોડ સમ અપૂર્ણાંક દર્શાવે છે ?

(A) $\frac{2}{6}$ અને $\frac{1}{3}$ (B) $\frac{25}{50}$ અને $\frac{15}{75}$

(C) $\frac{10}{20}$ અને $\frac{30}{90}$ (D) $\frac{1}{4}$ અને $\frac{1}{2}$

194. 

ઇશ વર્તુળ A માં 4 ના અવયવ લખે છે. વર્તુળ B માં 6 ના અવયવ લખે છે. તો રેખાંકિત ભાગમાં કઈ કઈ સંખ્યાઓ લખશે ?

(A) 1, 4 (B) 1, 2

(C) 1, 3 (D) 1, 6

195. નીચેનામાંથી કઈ જોડી 3 અને 7 નો ગુણક (અવયવી) નથી ?

(A) 21 અને 42 (B) 42 અને 63

(C) 63 અને 21 (D) 21 અને 14

196. મારામાં 6 નો અવયવ સમાયેલ છે.

(A) 3 (B) 6

(C) 18 (D) આપેલા તમામ

197. 6 અને 9 નો સૌથી મોટો સામાન્ય અવયવ કયો છે ?

(A) 6 (B) 9

(C) 3 (D) 1

198. 12 અને 15 નો સૌથી નાનો સામાન્ય અવયવી કયો છે ?


(A) 5 (B) 30

(C) 60 (D) 3

199. નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) સંખ્યા પોતે પોતાનો અવયવ છે.　　(B) સંખ્યા પોતે પોતાનો અવયવી છે.

(C) સંખ્યા પોતે પોતાનો નાનામાં નાનો અવયવ છે.　　(D) સંખ્યા પોતે પોતાનો નાનામાં નાનો અવયવી છે.




200. રામ ઉર્જાનગરથી જગત પેલેસ જવા નીકળે છે તો તેની પશ્ચિમ દિશામાં કયા-કયા સ્થળ આવશે ?

(A) મનોહર ઉદ્યાન અને સમરસ તળાવ　　(B) સમરદ તળાવ અને માનવ મંદિર

(C) વૈભવનગર અને આકાશકુંજ　　(D) આકાશકુંજ અને સમરસ તળાવ

201. નકશા પર 1 સેમી = જમીન પર 20 કિમી અંતર

નકશામાં અંબાજીથી અમદાવાદનું અંતર માપતા 9 સેમી થાય છે તો આ બે સ્થળો વચ્ચેનું જમીન પરનું અંતર કેટલું હશે ?

(A) 180 કિમી　　(B) 200 કિમી


(C) 150 કિમી　　(D) 90 કિમી

202. રમેશ નકશો દોરી રહ્યો છે. નકશો દોરવા માટે 1 સેમી = 500 મીટર પ્રમાણમાપ નક્કી કરે છે. જલેબીપુર અને ફાફડાનગર વચ્ચે જમીન પર 6 કિમી અંતર છે તો નકશા ઉપર આ બે સ્થળો એકબીજાથી કેટલા અંતરે દર્શાવશે?

(A) 6 સેમી　　(B) 12 સેમી

(C) 18 સેમી　　(D) 9 સેમી

❖ નીચે આપેલા વર્ગખંડના નકશાનો અભ્યાસ કરી પ્રશ્ન નં. 203 અને 204 ના જવાબ આપો.




203. પ્રોજેક્ટ સ્ક્રીન મુખ્ય ટેબલથી કઈ દિશામાં આવેલ છે ?

(A) દક્ષિણ (B) પૂર્વ

<u>(C) ઉત્તર</u> (D) પશ્ચિમ

204. પાટલી F થી પૂર્વ દિશામાં કઈ પાટલી આવેલી છે ?

(A) પાટલી - B (B) પાટલી - E

<u>(C) પાટલી - J</u> (D) પાટલી - G

205. 1 × 1 = 1

11 × 11 = 121


111 × 111 = 12321


1111 × 1111 =


(A) 12345 (B) 123123


<u>(C) 1234321</u> (D) 1234123


206. નીચે ખાલી જગ્યા પૂરો. :





(A) 


(B) 


(C) 


(D) 


207. 


પ્રશ્નાર્થના સ્થાને કઈ સંખ્યા આવશે ?

(A) 20

(B) 18

(C) 19

(D) 21

208. 37 × 3 = 111

37 × 6 = 222

37 × 9 = 333

37 × 18 =


(A) 444


(B) 555


(C) 666


(D) 777


209. નીચેની પેટર્ન પૂર્ણ કરો.



(A) 

(B) 

(C) 

(D) 


210. 2, 11, 5, 14, 8, 17, ?


(A) 20


(B) 18


(C) 11


(D) 16


211.  તો ____________


(A) 


(B) 


(C) 


(D) 

212.  તો

(A) 

(B) 

(C) 

(D) 

213. AC BD CE ??

(A) EF

(B) DF

(C) FG

(D) BF

214. 1234 4231 2143 ??

(A) 1234

(B) 4231

(C) 2134

(D) 3142

215. આપેલા ત્રિકોણમાં ? ની જગ્યાએ કયો અંક આવશે ?


(A) 10


(B) 6


(C) 5


(D) 11

216. નીચેનામાંથી કઇ આકૃતિને વાળવાથી ખુલ્લું ખોખું બનશે ?

(A) 


(B) 


(C) 


(D) 




217. નીચેનામાંથી કઈ આકૃતિને વાળવાથી ખોખું બનશે નહીં ?


(A) 

(B) 


(C) 


(D) 

218. નીચેનામાંથી કયું ખોખુ સમઘન છે ?


(A) 


(B) 

(C) 


(D) 

219. નીચેનામાંથી કઈ નેટ દ્વારા શંકુ આકારનું ખોખુ બનાવી શકાય ?


(A) 


(B) 


(C) 


(D) 


220. એક સમઘન પાસો બનાવવા માટે આ નેટને વાળવામાં આવે તો નીચેનામાંથી કયો વિકલ્પ વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે ?



(A) 

(B) 

(C) 

(D) 

221. નીતા પાસે 100 રૂપિયા છે. તેમાંથી તે 10 રૂપિયાની પેન ખરીદે છે તો તેણે પેન ખરીદવા માટે કુલ રૂપિયાનો કેટલામો ભાગ ખર્ચ કર્યો ?

(A) સો મો ભાગ

(B) અડધો ભાગ

(C) દસમો ભાગ

(D) નવમો ભાગ

222. પર્વએ 9 મિમી લંબાઈની લીટી દોરી તો તેણે કેટલા સેમી લંબાઈની લીટી દોરી કહેવાય ?

(A) 9 સેમી

(B) 0.9 સેમી

(C) 90 સેમી

(D) 0.09 સેમી

223. 2 મીટર લંબાઈ ધરાવતી લેસ પટ્ટીમાંથી દરજી 20 સેમી લંબાઈના ટૂકડા કરે છે તો કુલ કેટલા ટૂકડા થશે ?


(A) 20 ટૂકડા

(B) 10 ટૂકડા

(C) 2 ટૂકડા

(D) 100 ટૂકડા

224. ખીલીની લંબાઈ કેટલા મિમી થશે ?





(A) 3.5 મિમી

(B) 35 મિમી

(C) 305 મિમી (D) 350 મિમી


225. મીણબત્તી A અને મીણબત્તી B ની ઊંચાઈનો તફાવત ________ સેમી છે.




(A) 10 સેમી (B) 3.5 સેમી

<u>(C) 1 સેમી</u> (D) 4.5 સેમી

❖ સ્માર્ટ ચાર્ટનું વાંચન કરી પ્રશ્ન નં. 226 થી 228 ના જવાબ આપો.




226. કયા બે શહેરોના તાપમાન વચ્ચેનો તફાવત સૌથી વધુ છે ?

<u>(A) શ્રીનગર અને અમદાવાદ</u> (B) ચેન્નાઇ અને અમદાવાદ

(C) મુંબઇ અને શ્રીનગર (D) કોલકત્તા અને અમદાવાદ

227. કયા બે શહેરોના તાપમાન વચ્ચેનો તફાવત $12^{\circ}c$ છે ?

(A) ચેન્નાઇ અને કોલકત્તા
(B) શ્રીનગર અને કોલકત્તા
(C) મુંબઇ અને અમદાવાદ
(D) ચેન્નાઇ અને અમદાવાદ

228. કયા બે શહેરોના તાપમાન વચ્ચેનો તફાવત સૌથી ઓછો છે ?


(A) ચેન્નાઇ અને મુંબઇ
(B) મુંબઇ અને અમદાવાદ
(C) મુંબઇ અને કોલકત્તા
(D) અમદાવાદ અને કોલકત્તા

229. નીચેના કોષ્ટકમાં કયા પ્રાણીઓ સામે લખેલ સંખ્યા ખોટી છે ?

| પ્રાણીનું નામ | આવૃત્તિ ચિહ્ન | સંખ્યા |
|---|---|---|
| બિલાડી | ⧄ ⧄ ⧄ ⧄ □ | 24 |
| કૂતરો | ⧄ ⧄ ⧄ ⧄ ⧄ | 25 |
| સસલાં | ⧄ ⧄ ⧄ ⧄ | 19 |
| ગાય | ⧄ ⧄ ⧄ ⧄ | 20 |

(A) બિલાડી
(B) કૂતરો
(C) સસલાં
(D) ગાય

230. મોહન પાસે 1000 રૂપિયા છે. જેનો ખર્ચ આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણેની વસ્તુઓ ખરીદવા કરે છે. તો, તેણે કપડાં ખરીદવા કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો હશે ?




(A) રૂ. 250

(B) રૂ. 125

(C) રૂ. 500

(D) રૂ. 1000

231.



આલેખમાં આપેલ આકારની ધારની લંબાઇ કેટલી છે ?


(A) 10 એકમ

(B) 16 એકમ

(C) 14 એકમ

(D) 12 એકમ

232.



રેખાંકિત ભાગનું ક્ષેત્રફળ ____________ એકમ થાય.

(A) 5

(B) 7

(C) 3

(D) 2

233. રામજીભાઇનું ખેતર 50 મીટર લાંબુ અને 30 મીટર પહોળું છે. જ્યારે સુરેશભાઇનું ખેતર 60 મીટર લાંબુ અને 20 મીટર પહોળું છે. તો નીચેનામાંથી કયો વિકલ્પ સાચો બને.

(A) રામજીભાઇના ખેતરની હદ વધારે છે.
(B) સુરેશભાઇના ખેતરની હદ વધારે છે.
(C) બંનેના ખેતરની હદ સમાન છે.
(D) આપેલ તમામ વિકલ્પ સાચા છે.

234. શિક્ષકે વર્ગખંડમાં 200 ચોરસ સેમી માપનો લંબચોરસ બનાવવા કહ્યું તો...

મીનાએ 10 સેમી × 20 સેમી માપનો લંબચોરસ બનાવ્યો.

રેહાનીએ 40 સેમી × 5 સેમી માપનો લંબચોરસ બનાવ્યો.

મંથને 50 સેમી × 4 સેમી માપનો લંબચોરસ બનાવ્યો.

હનીએ 15 સેમી × 20 સેમી માપનો લંબચોરસ બનાવ્યો.

તો કોણે ખોટા માપનો લંબચોરસ બનાવ્યો છે ?

(A) મીના
(B) રેહાની
(C) મંથન
(D) હની

235. નીચે આપેલ કઈ ઘટનામાં પરિમિતિનો ઉપયોગ કરવામાં આવશે ?

(A) વર્ગખંડમાં લાદી બેસાડવી
(B) ગણિતના પુસ્તકને પૂઠું ચડાવવા
(C) માર્કશીટ / પરિણામપત્રકને લેમિનેટ કરાવવા
(D) ચિત્રને ફ્રેમિંગ કરાવવા

236. 1200 વિદ્યાર્થીઓ પિકનીક ઉપર જાય છે. તેમના માટે એક જ સરખી 40 બસની વ્યવસ્થા કરેલ છે તો દરેક બસમાં કેટલા વિદ્યાર્થીઓ બેઠા હશે ?

(A) 50 વિદ્યાર્થીઓ
(B) 30 વિદ્યાર્થીઓ
(C) 40 વિદ્યાર્થીઓ
(D) 35 વિદ્યાર્થીઓ

237. રોશનીબેનના ખેતરમાં 125 આંબાના ઝાડ વાવેલાં છે. તેઓ દરેક ઝાડને દર કલાકે 2 લિટર પાણી આપે છે તો 12 કલાકમાં તેઓ દરેક ઝાડને કેટલા લિટર પાણી આપશે ?

(A) 24 લિટર
(B) 250 લિટર
(C) 1500 લિટર
(D) 3000 લિટર

238. 4 મીટર લંબાઇ અને 3 મીટર પહોળાઈ ધરાવતા કાપડના એક ટૂકડામાંથી 50 સેમી લંબાઈ ધરાવતા કેટલા ચોરસ ટૂકડા બનાવી શકાય ?

(A) 12 ટૂકડા　　(B) 24 ટૂકડા

(C) 48 ટૂકડા　　(D) 36 ટૂકડા

239. 2400 × 60 = 10 ×

(A) 4　　(B) 60


(C) 2400　　(D) 40

240. 1 કિલોગ્રામ લોટમાંથી 30 લાડુ બને છે તો 17 કિલો લોટમાં કેટલા લાડું બનશે ?

(A) 17 લાડું　　(B) 51 લાડું

(C) 30 લાડું　　(D) 510 લાડું

241. નીચેના ચોરસ બગીચાનું ક્ષેત્રફળ કેટલું થશે ?




(A) 625 ચોરસ મીટર　　(B) 625 મીટર

(C) 100 ચોરસ મીટર　　(D) 100 મીટર

242. નીતાબેનનો રોજનો પગાર 1000 રૂપિયા છે તો તેમનો ફેબ્રુઆરી 2020 નો પગાર કેટલો થાય ?

(A) 28000 રૂપિયા　　(B) 29000 રૂપિયા

(C) 30000 રૂપિયા　　(D) 31000 રૂપિયા

243. જેકોબ રોજની 300 રૂપિયા બચત કરે છે તો તે વર્ષ 2024 માં કુલ કેટલી બચત કરશે ?

(A) 109800 રૂપિયા　　(B) 109500 રૂપિયા

(C) 108000 રૂપિયા　　(D) 109000 રૂપિયા

244. એક બોટલ બનાવતી કંપનીને એક લાખ બોટલ બનાવવાનો ઓર્ડર મળેલ છે. જો આ કંપની રોજની 1000 બોટલ બનાવે તો તે કેટલા દિવસમાં ઓર્ડર પૂર્ણ કરી શકે ?

(A) 1000 દિવસ

<u>(B) 100 દિવસ</u>

(C) 10000 દિવસ

(D) 100000 દિવસ

245. બીકરમાં 1 લખોટી નાખતાં પાણી 20 મિલિ ઊંચે ચડે છે તો આવી 12 લખોટી નાખતાં પાણી કેટલા મિલિ ઊંચે ચડશે ?


(A) 12 મિલિ

(B) 200 મિલિ

<u>(C) 240 મિલિ</u>

(D) 20 મિલિ

246. આ બિકરમાં 1 રૂપિયાનો 1 સિક્કો નાખતાં બીકરના પાણીની સપાટી 2 મિલિ ઊંચી આવે છે. જો તેમાં 8 સિક્કા નાખવામાં આવે તો બીકરમાં પાણીની સપાટી કયા અંક સુધી પહોંચશે ?




(A) 16 મિલિ

(B) 38 મિલિ

<u>(C) 42 મિલિ</u>

(D) 40 મિલિ

247. એક બીકરમાં 50 મિલિ સુધી પાણી ભર્યા પછી તેમાં 10 લખોટી નાખી તો બીકરમાંના પાણીની સપાટી 60 મિલિ સુધી પહોંચી તો એક લખોટીનું કદ કેટલું ગણાય ?

(A) 60 મિલિ

(B) 10 મિલિ

<u>(C) 1 મિલિ</u>

(D) 50 મિલિ

248. 2 સેમી × 3 સેમી × 1 સેમી બાજુવાળા લંબઘનમાં 1 સેમી બાજુવાળા કેટલા સમઘન સમાય ?

(A) 5

(B) 9

(C) 8

<u>(D) 6</u>

249. 4 સેમી બાજુવાળા સમઘનમાં 2 સેમી × 1 સેમી × 4 સેમી બાજુવાળા કેટલા લંબઘન સમાય ?

(A) 8　　(B) 16

(C) 4　　(D) 2

250. એક ટાંકીમાં 1000 લિટર પાણી સમાય છે. જો 1 ઘનસેમીમાં 1 લિટર પાણી સમાતું હોય તો આ ટાંકીનું કદ કેટલું કહેવાય ?

(A) 1 ઘન સેમી　　(B) 1000 ઘન સેમી

(C) 100 ઘન સેમી　　(D) 10 ઘન સેમી

251. નીચે આપેલ કઈ ઘટનામાં ઘનફળ (કદ)નો ઉપયોગ કરવામાં આવશે ?

(A) ખેતર ફરતે વાડ કરાવવા લંબાઇ નક્કી કરવા

(B) વર્ગખંડમાં લાદી બેસાડવાની જગ્યા શોધવા

(C) પાણીની ટાંકીમાં કેટલું પાણી ભરી શકાય તે નક્કી કરવા

(D) ચિત્રને ફ્રેમીંગ કરાવવા